ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૭-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### શિક્ષણક્ષેત્રે પ્રવર્તતી અરાજકતાનો ઉકેલ ક્યારે?

ગુજરાતમાં ઉનાળાની રજાઓ પુરી થયા પછી સામાન્ય રીતે જૂનના પહેલા પખવાડિયામાં શિક્ષણનું નવું સત્ર શરૂ થતું હોય છે. આ ક્રમ છેલ્લાં કેટલાંક વર્ષોથી જોખમાયો છે. અગાઉ એસ.એસ.સી. પછી કે હાયર સેકંડરી પછી મેરિટ મુજબ અલગ અલગ અભ્યાસક્રમોમાં પ્રવેશ અપાતો હતો. ક્યારેક વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી કે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ જેવી કૉલેજોમાં પ્રવેશ મેળવવો એ પ્રતિષ્ઠા અને પ્રાયોરિટીનો પ્રશ્ન રહેતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ભારે વિકાસ નોંધાયો છે ખરો, પરંતુ યુનિવર્સિટીઓની કે ખાનગી શિક્ષણ સંસ્થાઓની ભરમાળ વચ્ચે આપણું શિક્ષણ કથળ્યું છે તે એક કડવી વાસ્તવિકતા છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં - સવિશેષ મેડિકલ અને ઈજનેરી વિદ્યાશાખાઓમાં પ્રવેશ મેળવા મથતા વિદ્યાર્થીઓ પરસન્ટેજ અને પરસેન્ટાઈલની ભ્રમજાળમાં અટવાતા રહે છે. અગાઉ જ શિક્ષણસત્ર પંદરમી જૂનની આસપાસ પદ્ધતિસર ચાલુ થઈ જતું, એને બદલે છેલ્લાં થોડાંક વર્ષથી પ્રવેશકાર્ય જ એટલું મોડું પતે છે કે છેક જુલાઈના અંત સુધી એ પ્રક્રિયા ચાલતી રહે છે. ઓછામાં પૂરું નવી શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થી પર ઓછો ભાર પડે એવા શુભાશયથી શરૂ કરાયેલી અને દેશભરમાં અપનાવાયેલી સેમિસ્ટર પદ્ધતિ કૉલેજો, યુનિવર્સિટીઓ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે શિરોવેદના સમી બની ગઈ છે. આ વર્ષે હજી નવા સત્રની શરૂઆત છેક મધ્ય ઓગસ્ટમાં થવાની શક્યતા છે. હવે ઑક્ટોબરમાં તો સેમેસ્ટર પૂરૂં થતું હોય, ત્યાં માંડ બે મહિનામાં પાઠ્યક્રમ કઈ રીતે પૂરો થઈ શકે? સેમેસ્ટર પદ્ધતિના શિક્ષણમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પરીક્ષાના ચક્કરમાંથી જ ઊંચા નથી આવતા. તેથી ઘણા ઉત્તમ અધ્યાપકોને ગુજરાતની કૉલેજો માટે સેમેસ્ટર પદ્ધતિ ઉચિત લાગતી નથી. પરંતુ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના આદેશ અનુસાર એનો ભાર વેંઢારે રાખે છે. શિક્ષણને બોજરહિત - ટેન્શન મુક્ત ઉપક્રમમાં ફેરવવાના શુભાશય સાથે શરૂ કરાયેલી સેમેસ્ટર પદ્ધતિ ભારતમાં નિષ્ફળ ગઈ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પરસ્ટેજ અને પરસેન્ટાઈલ પદ્ધતિ વચ્ચેનો ગૂંચવાડો વાલી અને વિદ્યાર્થી માટે ભારે શિરોવેદના સર્જનાર સાબિત થયો છે. તો વળી ઠેરઠેર બિલાડીના ટોપની માફક ફૂટી નીકળેલ વિવિધ વિદ્યાશાખાઓની ખાનગી - સેલ્ફ ફાઈનાન્સ વિદ્યાસંસ્થાઓને શિક્ષણ જેવા પવિક્ષ વ્યવસાયને નર્યા વેપારમાં ફેરવી દીધેલ છે. સરકારે શિક્ષણની જવાબદારી સ્વીકારવાને બદલે તેનું બહોળા પાયે ખાનગીકરણ થવા દઈ શિક્ષણનાં નામે ઉઘાડી લૂંટ ચલાવનારા બિલ્ડરો અને ટ્યૂશનિયા માસ્તરોને છૂટો દોર આપી દીધો છે. છેલ્લાં વર્ષો દરમિયાન પીટીસી, બી.એડ્., એમ.એડ્ અને ફાર્મસી કે નર્સિંગ કૉલેજો ગામડે ગામડે શરૂ થઈ ગઈ હતી, જે હવે એક સામટી બંધ થવા લાગી છે. સરકાર તેમજ પ્રાઈવેટ સેક્ટરની શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રે આ પ્રકારની રેઢિયાળ અને નીંભર બેકાળજી નવી પેઢીના વિદ્યારથીઓ માટે ભારે જોખમી સાબિત થઈ શકે એમ છે. આવી શિક્ષણસંસ્થાઓની કોઈ સ્થાયી ઈમેજ ઊભી થઈ શકતી નથી અને એમાં શિક્ષણ લઈને બહાર પડનાર સ્નાતક પાસે કોઈ નક્કર 'વિઝન' નથી હોતું કે નથી હોતી પ્રતિષ્ઠા. છેવટે 'મેલ કરવતિયા ચોરીના મોચી' વાળી કહેવત મુજબ લાખો રૂપિયા વેડફી નાખ્યા પછી એ બેકારીના ખપ્પરમાં હોમાઈ જાય છે અથવા કમાણીના ટૂંકા રસ્તા શોધવા લાગે છે. ગુજરાતનો ગામડામાં રહેતો ગરીબ માબાપનો દીકરો કે દીકરી પણ આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, એવા ઉમદા ખ્યાલો સાથે ગુજરાતનાં મુખ્યમંત્રીપદની ધુરા સંભાળનારાં 'શિક્ષક' મહિલા આ સંદર્ભે ગંભીરતાપૂર્વક વિચારશે તો હજી બધું બગડી ગયું નથી. અંગ્રેજીમાં પેલી કહેવત છે એમ, સુધરવા માટે ક્યારેય બહુ મોડું થઈ ગયું હોતું નથી.

## ગાંધીનગરની શાળાઓમાં ગુરૂપૂર્ણિમાની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની વિવિધ શાળાઓમાં ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાઓમાં ગુરૂવંદના સહિત અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને 'ગુરૂ બિન જ્ઞાન નાહી' ઉક્તિ મુજબ ગુરૂના મહત્વને સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના જીવનમાં સારા મૂલ્યોનો વિકાસ થાય તે માટે ભારતીય પરંપરાના આદર્શ ગુરૂઓનો પરિચય પણ કરાવવામાં આવ્યો હતો.

● **આદર્શ નિવાસી શાળા, સે. ૮**

સે. ૮ની આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા)માં પાવન પર્વ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. જેમાં ચિલોડા ખાતે આવેલા બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રિતિદીદી તેમજ પુનમદીદી ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને અભ્યાસમાં એકાગ્રતા કેળવવા મનોબળ મજબુત બનાવવા તેમજ જીવનનું મુલ્ય સમજી તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

● **ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ, સે. ૨૩**

કાર્યક્રમના પ્રારંભે વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશ, વેદવ્યાસ, સરસ્વતી અને દત્તાત્રેય વંદના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુરૂપૂર્ણિમાના મહાત્મને લગતા વ્યક્તવ્યો, સ્તુતિ ગીતો તેમજ અભિનય રજૂ કરાયો હતો. ડૉ. યોગિની વ્યાસે વૈદિક સાહિત્યમાં પ્રચલિત ગુરૂ-શિષ્ય પરંપરા સમજાવી શિવતાંડવ નૃત્યનું ગાન રજૂ કર્યું હતું.

● **જે.બી. પટેલ પ્રા. વિદ્યાલય, સે. ૨૩**

ગુરૂપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં શાળાના આચાર્યા નીવાબેન પટેલે સુરક્ષા કવચ સાથે વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરૂભાવના વ્યક્ત કરી હતી. ગુરૂવંદના ઉપરાંત અહીં ગુરૂશિષ્યના અતુટ સંબંધો અંગેના ગીતો તેમજ વક્તવ્યો રજૂ કરાયા હતા. તેમજ ફુલછડી મેકીંગ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

● **આરાધના વિદ્યાવિહાર, સે. ૨૮**

સરસ્વતી વંદના સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં ગુરૂવંદના કરાઈ હતી. શાળાના વિદ્યાર્થીઓ કલ્પેશ ચૌધરી અને જૈનમ પવારે આગવી શૈલીમાં ગુરૂમહિમા વર્ણવ્યો હતો. ધો. ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. શ્વેતા પઢિયારે ગુરૂનો મહિમા વર્ણવતુ ચિત્ર રજુ કર્યું હતું.

● **ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા**

આ શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણીની સાથે સાથે 'વિશ્વ વસ્તી દિન' ની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથીપદે ઉપસ્થિત રહેલા રજનીકાન્ત ભટ્ટ દ્વારા ગુરૂ મહિમાની વિશેષતા સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં એક સુંદર નાટક રજુ કર્યું હતું તેમજ ગુરૂવંદના કરી હતી.

● **ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેંકાવાડા**

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલા ગુરૂપૂર્ણિમા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ગુરૂનું મહત્વ સમજે અને તેમનો આદર કરે તથા જીવનમાં સારા મુલ્યોનો વિકાસ કરે તે માટે ગુરૂવંદના યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતીય ઈતિહાસના આદર્શ ગુરૂઓનો પરિચય આપી ગુરૂનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

● **એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર, ઉવારસદ**

સદ્‌વિચાર પરિવાર દ્વારા સંચાલિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણીમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમના વિચારોને વ્યક્ત કરવાનો મોકો આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓએ જીવનમાં ક્યારેય વ્યસન નહી કરવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમનું સભા સંચાલન પણ વિદ્યાર્થીઓએ કર્યું હતું. આ પ્રસંગે શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવી 'ગુરૂબીન બિન જ્ઞાન નહી' ઉક્તિને પણ સરસ રીતે રજૂ કરી હતી.

● **શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલય, જીઈબી કોલોની**

શ્રીસ્વામી યોગાનંદ વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓને નાગરિક શીસ્ત તેમજ ટ્રાફિક અવેરનેસ અંગેની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત આ દિવસે શાળા પંચાયતની ચૂંટણીઓ કરી સમિતિઓની રચના પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળામાં સે. ૨ ઉના ગુરૂકુળમાંથી શાસ્ત્રી અક્ષર પ્રકાશ સ્વામી, શાસ્ત્રી માધવપ્રકાશ સ્વામી, સાંતેજના પીએસઆઈ શિવાભાઈ ચૌધરી અને પેથાપુરના પીએસઆઈ એજ.જે. વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



### ચિલોડાની ઓમલેન્ડ માર્ક સ્કૂલમાં યોગ શિબિર યોજાઈ

ચિલોડા પોલીસ દ્વારા 'સુરક્ષાસેતુ' અંતર્ગત ઓમલેન્ડ માર્ક સ્કૂલ ખાતે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે એક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મૂળ ચિલોડાના વતની પરંતુ હાલ વિદેશોમાં યોગની તાલીમ આપતા મનીષ વાળંદ અને તેમના પત્નિએ બાળકોને યોગ શિખવાડયા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગાંધીનગરમાં યાદ શકિત વધારવા માટેના ફ્રી સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના મેમરી ટ્રેઈનર ભાર્ગવ ત્રિવેદી દ્વારા યાદ શકિત વધારવા માટે નિઃશુલ્ક સેમિનાર યોજવામાં આવ્યો છે. આ સેમિનાર તા. ૨૧ જુલાઈ થી તા. ૨૪મી જુલાઈ સુધી સે-૧૧માં આવેલ નગરપાલિકા પરિષદના હોલમાં યોજવામાં આવ્યો છે. આ સેમિનારનો સમય રોજ સાંજે ૭.૩૦ થી ૯.૩૦નો રહેશે.

આ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓની એકાગ્રતા, યાદશકિત, રેડીંગ ટેકનિક, સ્ટ્રેસ મેનેજમેન્ટ વગેરે બાબતોને વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા શિખવાડવામાં આવશે. આ કાર્યક્રમ અમદાવાદની સંસ્થા શિવશકિત એજયુકેશન ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ સહિત વાલીઓ તેમજ જિજ્ઞાસુઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ભારત વિકાસ પરિષદ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની ભારત વિકાસ પરિષદ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન અને તેમને ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૨૦મી જુલાઈ રવિવારે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સે. ૧૨-ડીમાં આવેલ બલરામ મંદિર પરિસરના હોલમાં સાંજે ૫ વાગે યોજવામાં આવશે.

આ કાર્યક્રમમાં વિકાસ પરિષદના પરિવારજનોના તેજસ્વી બાળકોને સન્માનવામાં આવનાર છે. આ માટે પરિષદ દ્વારા તા. ૧૫મી જુલાઈ સુધીમાં કેજી થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓની માર્કશીટ સંસ્થાના પ્રમુખ, મંત્રી અથવા ખજાનચીને મોકલી આપવા જણાવાયું છે. આ કાર્યક્રમમાં વિકાસ પરિષદના સભ્ય અનિલભાઈ પટેલ દ્વારા 'અંધશ્રદ્ધા નિર્મૂલન'નો પણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમ બાદ પરિવારના સભ્યો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. જેનું શુલ્ક રૂ. ૪૦ રાખવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સરળતા રહે તે માટે તા. ૧૭મી જુલાઈ સુધીમાં હાજર રહેનારા સભ્યોની નોંધણી પ્રમુખ, મંત્રી, ખજાનચી સમક્ષ કરાવી દેવા અપીલ કરાઈ છે.

## હરિની દૃષ્ટિ...





**સાવધાન, સીક્યુરીટીમાં કચાશ ન રહે, કોણ જાણે અંદર હોય અને ૩-ડી ટેકનીકથી વીઝીટ ગોઠવી હોય...!!**

## પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સે-૫-એમાં આવેલ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓને તા. ૯મી જુલાઈ અને તા. ૧૧મી જુલાઈના રોજ ગુજરાત રાજયની વિધાનસભાની મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાત વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં આવતા એકમ 'સહકારના અંગો' અંતર્ગત વાસ્તવિક જ્ઞાન મળે તે માટે યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સાથે શિક્ષકગણ પણ આ મુલાકાતમાં જોડાયો હતો.

વિધાનસભા ગૃહમાં થતી કાર્યવાહી ઉપરાંત સત્તા પક્ષ અને વિરોધ પક્ષની બેઠક વ્યવસ્થા તેમજ અધ્યક્ષની કાર્યવાહીનું વિદ્યાર્થીઓએ બારીકાઈથી મુલ્યાંકન કર્યુંહતુંતેમજ ધારાસભ્યો દ્વારા પુછાતા પ્રશ્નો અંગે પણ જાણકારી મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વિધાનસભા પ્રાંગણમાં આવેલ મહાત્મા ગાંધી, સરદાર પટેલ તથા અન્ય મહાન ક્રાંતિકારીઓની પ્રતિમાઓ અને રાજયના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓની તસવીરો જોઈ હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં વિશ્વમાં સૌથી પોષણક્ષમ દેશોની યાદીમાં પ્રથમ સ્થાન કયા દેશને આપવામાં આવ્યું છે?
→ **નેધરલેન્ડ**

૨. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય ઊંટ મેળો કયા શહેરમાં યોજાયો હતો?
→ **બિકાનેર**

૩. ૨૦૧૪માં હૈદરાબાદ સ્થિત નેશનલ પોલીસ એકેડમીના ૨૮માં અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **અરૂણા બહુગુણા**

૪. ૨૦૧૪માં ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **જેનેટ ચેનેલ**

૫. ૨૦૧૪માં ઉત્તરપ્રદેશ પોલીસના મહાનિર્દેષક પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **રિઝવાન અહમદ**

૬. ૨૦૧૪માં શ્રીલંકાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના કોચ પદે કોની વરણી કરવામાં આવી છે?
→ **પોલ ફોલ્સ**

૭. ૨૦૧૪માં ગુજરાતી સાહિત્ય પરિષદનું કેટલામું સંમેલન યોજાયું હતું?
→ **૪૭મું**

૮. ૨૦૧૪માં ICC અંડર-૧૯ ક્રિકેટ વિશ્વકપ માટે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **વિજય જોલ**

૯. ૨૦૧૪માં પોલી ઉમરીગર આંતરરાષ્ટ્રીય એવોર્ડ કયા ક્રિકેટરને આપવામાં આવ્યો હતો?
→ **આર અશ્વિન**

૧૦. ૨૦૧૪માં વિશ્વના સૌથી લાંબા રેલવે પ્લેટફોર્મ તરીકે કયા રેલ્વે પ્લેટફોર્મને જાહેર કરવામાં આવ્યું હતું?
→ **ગોરખપુર**

૧૧. તાજેતરમાં ફ્રાન્સના નવા પ્રધાનમંત્રી પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **મોનુલ વાલ્સ**

૧૨. ૨૦૧૪માં સિમોન ડેક પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો?
→ **સુમિત ચુગ**

૧૩. ૨૦૧૪માં કેન્દ્રીય રમતગમત મંત્રાલયે કયા ભારતીય ખેલ સંઘની માન્યતા રદ કરી દીધી છે?
→ **મુક્કેબાજી સંઘ (બોક્સિંગ)**

૧૪. ૨૦૧૪માં શૂટર હિના સિધ્ધુએ ISSF વિશ્વકપમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં કયો પદક જીત્યો હતો?
→ **રજત પદક**

૧૫. ૨૦૧૪માં સોની ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા એકલનો ખિતાબ કઇ મહિલા ખેલાડીએ જીત્યો હતો?
→ **સેરેના વિલિયમ્સ**

૧૬. ૨૦૧૪માં યુએફ઼ એ ચેમ્પિયન ફુટબોલ કઇ કઇ ટીમે જીત્યો હતો?
→ **રિયલ મેડ્રિક**

૧૭. ૨૦૧૪માં સંઘ લોક સેવા આયોગના સભ્ય તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **હેમચંદ્રા ગુપ્તા**

૧૮. ૨૦૧૪માં વિમાનને યોગ્ય રીતે રનવે પર ઉતારવા કયા ઉપકરણની રચના કરવામાં આવી છે?
→ **'દૃષ્ટિ' ઉપકરણ**

૧૯. ૨૦૧૪માં વિશ્વ એન્ટી ડોપિંગ સંસ્થાએ કયા બે પદાર્થોને પ્રતિબંધિત યાદીમાં સમાવેશ કર્યો છે?
→ **જીનોન અને આર્ગન**

૨૦. ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં કયા ચૂંટણી વિસ્તારમાં મહિલાઓએ સૌથી વધુ મતદાન કર્યું હતું?
→ **તામલુક**

# યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા

આ દેશમાં પ્રાચીન કાળમાં જ્ઞાનના ક્ષેત્રમાં ઋષિમુનિઓનો દબદબો હતો. પરંતુ, ઋષિઓની પતંગમાં હકથી બેસી શકે તેવી ઘણી ઋષિકાઓ પણ હતી. આ ઋષિકાઓએ પોતાના જ્ઞાનના બળથી સમાજમાં માન અને સન્માન પ્રાપ્ત કર્યા હતા. જગત્‌ગુરૂ શંકરાચાર્ય અને તે સમયના મહાપંડિત મંડન મિશ્ર વચ્ચેની જ્ઞાનચર્ચા થઇ જે જાણીતી બાબત છે. આ જ્ઞાનચર્ચાના અંતે બંનેમાં કોણ વધારે વિદ્વાન છે તે નક્કી કરવાની કપરી જવાબદારી એક વિદૂષીએ જ નિભાવી. આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે તેવી હકીકત એ છે કે આ વિદૂષી પંડિત મંડન મિશ્રના પત્ની ભારતી હતા. તે કાળના આવા બે વિદ્વાન પંડિતો વચ્ચે પસંદગી કરવાનું કામ કપરું તો હશે જ! આવું કપરું કામ ન્યાયપૂર્ણ રીતે નીભાવવાની જવાબદારી જેમના શિરે પર હત તે વિદૂષી કેટલા વિદ્વાન હશે? તો કેટલોક કાળ એવો ગયો કે મહિલાઓને નીચી કે ઉતરતી ગણવામાં આવી. પરંતુ, મધ્યયુગમાં ફરી આ મહિલાઓની આધ્યાત્મશક્તિ ઝળહથી ઊઠી. મીરાંબાઇ તથા ગંગાસતીએ પોતાની વાણીનાં પ્રભાવથી ભલભલા વિદ્વાનોને મંત્રમુગ્ધ કર્યા! વચન અને વિવેક જાળવીને આધ્યાત્મના ઊંચા શિખરો આ સન્નારીઓએ સ્હેજ સર કર્યા.

મેરુ તો ડગે ને જેનાં મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઇ તો હરિજનનાં પરમાણ રે.

- ગંગાસતી

ઋષિપત્નીઓથી શરૂ થયેલી મહિલાઓની આ યાત્રા છેક કસ્તુરબા સુધી ઝળહળતી ગઇ! ત્યારબાદ પણ તેમાં કેટલાક વિશિષ્ટ નામો ઉમેરી શકાય તેવું છે. કેટલીક સન્નારીઓએ સમય અને સ્થિતિ સામે સંઘર્ષ કરી નૂતન સમાજનું નિર્માણ કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે.

"શિક્ષણ માટે કોલેજમાં જઇને તમને શું મળશે?" એવા પ્રશ્નો સ્ત્રીઓને જે સમયમાં પૂછાતાં એવા સમયમાં પણ જેઓ માથા સુધી ઓઢી, ખાદીધારી સાડી પહેલી ગુજરાત કોલેજમાં ભણ્યા તેવા ગુજરાતના પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક એટલે વિદ્યાગૌરી નીલકંઠ. સુશ્રી વિદ્યાબહેનના ૮૨ વરસના આયુષ્યનો ભોગ એમણે શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવાનાં કાર્યોની જવાબદારી ઉઠાવવામાં ખર્ચ્યો. તેઓ મક્કમપણે માનતા કે 'આ શિક્ષણનો દીપક સળગાવી તેની જયોત વડે હું ભારતીય મહિલાઓનો અંધકાર અને અંધશ્રધ્ધા દૂર કરવા પ્રયત્ન કરીશ.' ૧૯મી સદીમાં તેમનાં વિચારો આજની ૨૧મી સદીની મહિલા જેટલા આધુનિક હતા. વિદ્યાબહેન એક સન્નારી તરીકે જે ચીવટ અને સજ્જનતાથી પોતાની તમામ પ્રવૃત્તિઓ ચલાવતા અને એમણે જે સન્માન અને પ્રેમ મેળવ્યાં છે, ગુજરાતમાં અને હિન્દુસ્તાનમાં નારીની પ્રતિષ્ઠા સ્થાપવામાં ઘણો મોટો ફાળો આપનાર બાબત છે. આજે મહિલા શિક્ષણની વાત આવે, ચર્ચા ત્યારે વિદ્યાગૌરી નીલકંઠનું નામ અગ્રસ્થાને હોય છે.

૧૯૭૬માં અમદાવાદના નાગર પરિવારમાં જન્મેલા વિદ્યાગૌરી નાનપણથી જ ચકોર અને તેજસ્વી હતા. જે સમયમાં દીકરીને જન્મતાની સાથે જ દૂધપીતી કરાતી હોય ત્યારે જયુડિશલ ઓફીસર પિતાને બદલીને કારણે દીકરીઓને ભણવામાં અગવડ ન પડે તે હેતુસર પત્ની તેમ જ પુત્રીઓને અમદાવાદમાં સ્થાયી કરવાનો નિર્ણય કર્યો. આમ, તેમના માતાપિતાએ તેમનાં નાનપણથી જ શિક્ષણનાં બીજ રોપ્યાં. દીકરીઓને ભણાવી દીકરા સમોવડી બનાવવાનો નિર્ણય કર્યો. આ પડકાર ઝીલીને તેઓ પ્રાથમિક ધોરણ સુધી અમદાવાદની શાળામાં ભણ્યા. પરંતુ, મહિલા

## વિચારસભા

નેહર જયદીપ ગઢવી

માધ્યમિક સ્કૂલ ન હોવાથી મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજમાં ખાનગી કલાસમાં ભણી મેટ્રિક સુધી પહોંચ્યા. ખૂબ જ શાંતિપૂર્વક ચાલતી એમની બધી કાર્યવાહી પાછળ એમનું ઉમદા વ્યક્તિત્વ પ્રગટ થતું, બધા પ્રશ્નોને ઉદારતાથી જોવાની એમની મનોવૃત્તિ રૂપે. કોઇને પણ વિષે ખોટો અભિપ્રાય ન બાંધવો, સામાને ન્યાય કરવા તત્પર રહેવું, અને હંમેશા દરેક પરિસ્થિતિમાંથી સારી વસ્તુ જોવા મથવું - આ એમના સ્વભાવની મુખ્ય લાક્ષણિકતાઓ હતી! એ સમયમાં તેઓ કહેતા કે, એ જરૂરી નથી કે શિક્ષણ સ્ત્રીને સ્વચ્છંદી બનાવે, ઉલ્ટું તે સ્ત્રીના અસ્તિત્વના વિકાસમાં મદદરૂપ બને છે. સ્ત્રીએ તો ઘર અને શિક્ષણ તથા કુટુંબ આ ત્રણેય બિંદુઓને સંતુલિત કરવા પડે છે.

શિક્ષણ મળતાં એક સન્નારી કુટુંબમાં, સમાજમાં અને દેશ આખામાં કેટલી સેવાસુવાસ ફેલાવી શકે છે તેવા પુરાવારૂપ વિદ્યાબહેનનું જીવન હતું. લગ્ન થયા પછી તેઓએ ભણવાનું ચાલું રાખ્યું. તેમને સમાજ સુધારક નીલકંઠ પરિવારના રમણભાઇ સાથે લગ્ન કર્યા અને તેમને જ ગુરૂ માનીને ૧૯૦૧માં પોતાનું ગ્રેજ્યુએશન પુરું કર્યું. વિદ્યાબહેન ભણી શક્યા અને તેમનું વ્યક્તિત્વ પૂર્ણ રીતે વિકસી શક્યું તેમાં એમનાં મહાન પતિ રમણભાઇનો ફાળો કદાચ સૌથી મોટો છે. માટે જ તો, વિદ્યાબહેને એમને પોતાના 'જીવનવિધાયક' તરીકે ઓળખાવ્યા હતા. આચાર્ય આનંદશંકરે પણ તેમને 'સકલપુરૂષ' કહીને બિરદાવ્યા છે. જો કે, પતિની બહુમુખી - સાહિત્યની અને સમાજની - પ્રવૃત્તિઓમાં વિદ્યાબહેને પણ ડગલે ને પગલે તેમને સાથ આપ્યો હતો. રમણભાઇના માર્ગદર્શન હેઠળ જ તેમણે લખવાનું શરૂ કર્યું. ૨૦ મી સદીમાં ગદ્ય લખવાની શરૂઆત કરનાર તેઓ પ્રથમ ગુજરાતી મહિલા હતા. તેમના અનેક જાણીતા પુસ્તકોમાં હાસ્યમંદિર એક છે. 'ગૃહદીપીકા', 'નારીકુંજ' વગેરે સામયિકોમાં પણ તેઓ લખતા. તેમને ભારતીય મહિલાઓના ઉત્થાન માટે પણ ઘણા પુસ્તકો લખ્યા છે. ગુજરાત સાહિત્ય પરિષદના ૧૫મા અધિવેશનમાં તેઓ પ્રમુખ તરીકે પણ ચૂંટાયા.

વિદ્યાગૌરીનો મુખ્ય હેતુ સમાજને સ્ત્રીશિક્ષણના માહાત્મય અંગે જાગૃત કરી સ્ત્રીઓ માટે વિદ્યારૂપી જયોતને પ્રજવલિત કરવાનો હતો. તેઓએ એ વાત સાબિત કરી કે, સ્ત્રી માત્ર રસોઇકળામાં જ નિપુણ નથી પરંતુ તે શિક્ષણ પ્રાપ્ત કરીને ઘરની ચાર દિવાલોની બહાર પણ પોતાની આગવી ઓળખ મેળવી શકે તેમ છે. તેમણે લાભશંકર ઉમીયાશંકર પાઠશાળા દ્વારા છોકરીઓને ભણાવવાની શરૂઆત કરી. બહેનોને મફ્ત શિક્ષણ મળે તે માટેની વ્યવસ્થા કરી. આ પાઠશાળા ઉપરાંત પણ કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી તરીકે જોડાયા. તેઓ શિક્ષણશાસ્ત્રીની સાથોસાથ એક સમાજસુધારક તેમજ સમાજસેવિકા પણ હતા. આંતરજ્ઞાતીય લગ્નપ્રથાને ઉત્તેજન આપવું તેમન વિધવા પુનર્વિવાહનો વિચાર સમાજ સમક્ષ મૂકવો. - આ પ્રકારની ક્રાંતિકારી વિચારસરણીને તેઓએ પ્રોત્સાહન આપ્યું. સાસરીયા સ્ત્રીઓને ત્રાસ આપતા હોય ત્યારે તેમના ઘરે પોતે રૂબરૂ જઇને સમજાવટ દ્વારા અને ત્યારબાદ પણ ન જ માને તો કડકાઇથી કામ લઇને પણ સ્ત્રીઓને તેઓ તેમાંથી મુક્ત કરાવતા. મુસ્લિમ સ્ત્રીઓ માટે સીવણના વર્ગો શરૂ કરીને તેમને પગભર બનવામાં મદદરૂપ થવાના પ્રયત્નો પણ તેમને કર્યા હતા. હિન્દુ અભણ સ્ત્રીઓ માટે રાત્રીના સમયે વર્ગો શરૂ કર્યા. વિદ્યાગૌરીના આ પ્રકારના જનસેવા અને મહિલાઓના ઉત્કર્ષ માટેના પ્રયત્નો માટે તેમને 'સ્ટાર ઓફ ઇન્ડિયા' એવો ખિતાબ પણ મળ્યો હતો.

વિદ્યાગૌરી નીલકંઠ ગાંધીજી સાથે સ્વરાજયની લડતમાં પણ જોડાયેલા હતા. અમદાવાદમાં સ્ત્રીઓ માટેનાં કોંગ્રેસ અધિવેશનના તેઓ અધ્યક્ષ પણ બન્યાં હતા. બહુમુખી પ્રતિભા ધરાવનાર આ પ્રભાવશાળી મહિલા માટે ગાંધીજી કહેતા કે તેઓ એક હરતીફરતી જ્ઞાનની સંસ્થા છે. તે ભારતીય મહિલાઓનું ઘરેણું છે અને સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે કુરિવાજો અને અન્યાય સામે લડત કરનારા આ મહિલા જરૂરી સામાજિક અને પરંપરાગત રિવાજો જાળવવામાં પણ તેટલાં જ કુશળ હતા! માટે જ કહી શકાય કે તેઓએ તેમના શિક્ષણને ખરા અર્થમાં ચરિતાર્થ કરી બતાવ્યું! દેખાદેખી, ઇર્ષ્યા અને દંભને સ્થાને અપાર વાત્સલ્યમૂર્તિ બની તેઓ સમગ્ર સ્ત્રીજગત માટે એક દૃષ્ટાંતરૂપ જીવન જીવ્યા. મહિલા સ્વાતંત્ર્ય અને મહિલા સશક્તિકરણનું એક ઉત્તમ ઉદાહરણ સમગ્ર સમાજ માટે સદાય સીમાચિહ્નરૂપ બની રહેશે!

**પાનબીડું :**

દરેક સાચી સ્ત્રીનાં અંતરમાં કોઈ દૈવી અગ્નિની ચિનગારી પડેલી જ હોય છે. જે સુખના દિવસોના ઉજાસમાં સુષુપ્ત રહે છે; પણ વિપદની અંધારઘેરી પળ આવે ત્યારે એ ચળકી ઊઠે છે, પ્રકાશે છે અને ઝળહળે છે.